# 20. સમાજ સમર્પિત શ્રેષ્ઠી

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની નિશાની કરો:

1) કિશોર વયે નાનજીભાઈમાં કેવા પ્રકારની સાહસિકતા હતી?

(A) અણદીઠેલી ભોમ પર પગ મૂકવાની

(B) વણખેડેલી જમીન પર ખેતી કરવાની

(C) પર્વતના શિખર પર પગ મૂકવાની

(D) દરિયાના તાંડવમાં વહાણ ચલાવવાની

2) લેખકે યુગાન્ડાના 'બેતાજ બાદશાહ' તરીકે કોને ઓળખાવ્યા છે?

(A) યુગાન્ડાના પ્રમુખ મિલ્ટન ઓબૉટેને

(B) ગુજરાતના શ્રેષ્ઠી નાનજી મહેતાને

(C) યુગાન્ડાના ઉદ્યોગ સાહસિક નાગજીભાઈ પ્રભુદાસને

(D) માનવતાના ભેખધારી મહાત્મા ગાંધીજીને

3) નાનજીભાઈના મતે કેવી સમાજરચના ભારતને મહાન બનાવશે?

(A) ધર્મ-જ્ઞાતિના આડંબરથી મુક્ત સમાજરચના

(B) ભેદભાવયુક્ત શિક્ષણપ્રથાવાળી સમાજરચના

(C) નિરક્ષરતા અને અસ્પૃશ્યતા નિવારણ માટેની સમાજરચના

(D) પુત્ર-પુત્રીની સમાનતા અને જાતિવર્ણના ભેદભાવ વગરની સમાજરચના

4) નાનજીભાઈએ આર્યકન્યા ગુરુકુળનો પાયો કોના હાથે નખાવી અસ્પૃશ્યતા નિવારણનું સાહસિક પગલું ભર્યું?

(A) એક આદિવાસી કન્યાના હાથે

(B) ગામડાની એક અભણ બહેનના હાથે

(C) એક હરિજન બાળાના હાથે

(D) એક વિકલાંગ કન્યાના હાથે

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) 13 વર્ષની કિશોરવયે નાનજીને દરિયામાં જતી વખતે કેવો અનુભવ થયો?

- 13 વર્ષની કિશોર વયે નાનજીને દરિયામાં મુસાફરી કરીને યુગાન્ડા પહોંચવાનું હતું. મહિનાઓની આ સફર હતી. તેમાં વચ્ચે તોફાન આવ્યું. વહાણના કૂવાથંભ અને સઢ તૂટી ગયા. મૃત્યુ સામે દેખાતું હતું. ભૂખ, તરસ અને અનિશ્ચિત ભાવિ છતાં તેમણે હિંમત જાળવી, દરિયાના તાંડવ વચ્ચે સ્થિરતા રાખી, બીમાર સાથીઓની સેવા કરી અને ઈશ્વર પર અડગ શ્રદ્ધા રાખી પોતાની દરિયાઈ સફર પાર કરી.

### 2) નાનજીભાઈ મહેતાના જીવનનો પંચશીલ સિદ્ધાંત જણાવો.

- નાનજીભાઈ મહેતાના જીવનનો આ પંચશીલ સિદ્ધાંત હતો : 'સાદું ભોજન, સાદો પહેરવેશ, સાદું લખાણ, સાદી ભાષા અને ઉચ્ચ વિચાર'. આ સિદ્ધાંતોને નાનજીભાઈએ પોતાના જીવનમાં સદાને માટે જાળવી રાખ્યા હતા. તેમણે સામાન્ય જનો, ગ્રામસમાજ, મહિલાઓ, અસ્પૃશ્યતા-નિવારણ, શિક્ષણ સંસ્થાઓ વગેરે માટે જે સત્કાર્યો કર્યા તેની પાછળ તેમના પંચશીલ સિદ્ધાંતો જ હતા.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

### 1) નાનજીભાઈ કાલિદાસ મહેતાને યુગાન્ડાના 'બેતાજ બાદશાહ' તરીકે શા માટે ઓળખાવ્યા છે ?

- નાનજીભાઈ કાલિદાસ મહેતાને ખેતીનું સહેજે જ્ઞાન નહોતું. તેમણે નિરક્ષર, ગરીબ અને પ્રાથમિક કક્ષાનું જીવન જીવતી યુગાન્ડાની ભોળી અને પ્રેમાળ પ્રજાનો વિશ્વાસ જીત્યો. યુગાન્ડાની વણખેડેલી ધરતી પર, અજાણ્યા પ્રદેશમાં કપાસ અને ચા-કૉફીની ખેતી શરૂ કરી. આપસૂઝ અને સખત પુરુષાર્થને કારણે તેમને એમાં સફળતા મળી. એ પછી તેમણે કેતકી અને રબરનાં વિશાળ ખેતરો સર્જ્યાં. તેમણે એક ઉદ્યોગ તરીકે કપાસનો એવો વિકાસ કર્યો કે, યુગાન્ડા રૂ માટે જગવિખ્યાત બન્યો. આ રીતે નાનજીભાઈએ યુગાન્ડાની આર્થિક પ્રગતિનો પાયો નાખ્યો. તેમણે શેરડીનું વાવેતર કરી 1924માં

લુગાઝી સુગર ફેક્ટરી શરૂ કરી. એક સદી પહેલાં જાપાનની ટેક્નોલૉજી અપનાવી તેમણે નવા યુગની શરૂઆત કરાવી.

આમ, સૌરાષ્ટ્રના નાનકડા ગામમાં જન્મેલા અને માત્ર ચાર ચોપડી સુધી ભણેલા નાનજીભાઈએ અજાણ્યા પ્રદેશમાં ઉદ્યોગ સ્થાપવામાં અને તેને વિકસાવવામાં સફળતા મેળવી. આથી નાનજીભાઈ કાલિદાસ મહેતાને યુગાન્ડાના 'બેતાજ બાદશાહ' તરીકે ઓળખાવ્યા છે.

## 2) નાનજીભાઈ મહેતા અજાણ્યા પ્રદેશમાં ઉદ્યોગ સાહસિક તરીકે શા કારણે સફળ થયા?

- નાનજીભાઈ મહેતાએ પોતાની આપસૂઝ અને પુરુષાર્થથી તેમના માટે અજાણ્યા પ્રદેશ એવા યુગાન્ડામાં કપાસ, ચા, કૉફી, કેતકી અને રબરની ખેતી કરી. કપાસઉદ્યોગનો તેમણે એવો વિકાસ કર્યો કે યુગાન્ડા રૂ માટે વિશ્વવિખ્યાત બન્યો. તેમણે યુગાન્ડાની આર્થિક પ્રગતિનો પાયો નાખ્યો. તેમણે શેરડીનું વાવેતર કરાવી 1924માં લુગાઝી સુગર ફેક્ટરીનો પ્રારંભ કર્યો. એક સદી પહેલાં તેમણે જાપાનની ટેક્નોલૉજી અપનાવી યુગાન્ડાના નવા યુગનો પ્રારંભ કરાવ્યો. આમ, ખેતીનો કક્કો ન જાણતા એવા નાનજીભાઈ મહેતા અણદીઠેલી ભૂમિ યુગાન્ડામાં આપસૂઝ, સખત પુરુષાર્થ, સાહસ અને પરમાત્મામાં અડગ શ્રદ્ધાને કારણે અજાણ્યા પ્રદેશમાં 'ઉદ્યોગ સાહસિક' તરીકે સફળ થયા.